


પ્રાકૃતિક ખેતી કરવા માટે આજે જુદાજુદા ખેતીને લગતા કામ વિધિવત્ પદ્ધતિથી
તૈયાર કરવામાં આવ્યા છે.

સરળ શબ્દોમાં કહી તો, પ્રાકૃતિક ખેતી જમીનને ફળદ્રુપ રાખે અને છોડ પણ તંદુરસ્ત રહે છે.

આ પ્રક્રિયાથી જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે અને સિંચાઈ માટે
ઓછા પાણીની જરૂર પડે છે.

પ્રાકૃતિક ખેતી અપનાવનારા કહે છે કે, આ પ્રક્રિયાથી પાક બદલતા વાતાવરણ (વધુ ઠંડી અને ગરમી)
સામે પણ વધુ સમય ટકી રહે છે અને પાકનું ઉત્પાદન વધે છે.

આ બધી પદ્ધતિઓ પ્રાકૃતિક હોવાથી પાકમાં ઝહેરીલા રસાણયનું પ્રમાણ પણ ઓછું થાય છે.

આ પત્રિકામાં ૯ પ્રાકૃતિક વિવિધ પદ્ધતિઓ સામેલ કરેલી છે જેનો ખેડૂત સરળતાથી
ઉપયોગ કરી શકે છે.

उन्नति UNNATI

THE hans FOUNDATION

# ૧. જમીન તૈયાર કરવી



માટી, પાણી અને ખાતર વહી ના જાય તે માટે ખેતરના ઢોળાવ વિરુદ્ધ પાળ બનાવવી.





જમીનના ચાસ ઢાળ વિરુદ્ધ કરવા, જમીન ખેડવી, સમતળ કરવી, જમીનને સાફ કરવી.



ખેતરમાં પાક પ્રમાણે માટીની ચકાસણી (સોઈલ ટેસ્ટીંગ).

માટીનો નમૂનો ચકાસણી માટે નજીકના જીએસએફસી ડેપોમાં અથવા જિલ્લા કક્ષાની જમીન ચકાસણી પ્રયોગશાળામાં આપી શકાય. ખાસ કરીને ઓર્ગેનિક કાર્બનની માત્રા ચકાસો.

ખેતરના ચાર ખૂણા અને વચ્ચેથી ઉપરની માટીને ભેગી કરી ૫૦૦ ગ્રામ નમૂનો લેવો. નમૂનો લેતા ધ્યાન રાખો કે તેમાં છાણ, કચરો, પથ્થર જેવી અશુદ્ધિઓ ના હોય.

# ૨. કમ્પોસ્ટ (દેશી) ખાતર બનાવવું



કંપોસ્ટ (દેશી) ખાતરથી ખેતરમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધે છે અને જમીનની ફળદ્રુપતા વધે. તેમજ પાક ઉત્પાદનમાં મદદરૂપ થાય છે.

કંપોસ્ટ (દેશી) ખાતર બનાવવા માટે છાણ, ઘાસ, ઘેંટા-બકરીની લીંડી તથા સૂકા પાંદડાનું નીચે પ્રમાણે કરવાનું રહેશે.

એક ચોરસ અથવા લંબચોરસ ખાડો કરીને (૧) અડધા ફૂટ છાણ નાખો (૨) આની ઉપર ઘાસ-ફૂસ, સૂકા પાંદડા નાખો (૩) તેની ઉપર ૪-૫ ડોલ પાણી છાંટો (૫) ગાય-બકરી જ્યાં બાંધી હોય ત્યાંની માટીને ચાર આંગળનું થર કરી, ૪-૫ પાણીની ડોલ છાંટો.

આ પ્રક્રિયા ત્યાં સુધી કરો જ્યાં સુધી ખાડો ભરાઈ ના જાય.


રાખનો એક પાતળો થર નાખીને માટીથી લેપણ કરીને ખાડો બંધ કરી દો.

ત્રણ મહિનામાં ખાતર તૈયાર થઈ જશે અને તેને બોરીઓમાં ભરીને મૂકો.

(આશરે એક વીઘા જમીન માટે- ૯ ફૂટ લાંબો, ૩ ફૂટ પહોળો અને ૩ ફૂટ ઊંડો ખાડો કરવો.)

# ૩. બીજ વાવવાની તૈયારી

## સારો પાક લેવા માટે સારા બીજની પસંદગી અને તૈયારીની જરૂર છે
## અલગ અલગ પાક માટે અલગ અલગ વ્યવસ્થા છે



બીજ વાવતા પહેલાં બીજનાં અંકુરણને ચકાસો. સવારે એક મુઠ્ઠી બીજને સુતરાઉ કાપડમાં ઢીલા બાંધીને તેના ઉપર થોડા પાણીનો છંટકાવ કરો. સાંજે ખોલીને તપાસો કેટલા બીજ અંકુરણ થયા છે. ૮૦ ટકા અંકુરણ થાય તો આ બીજ સારા છે.



**બીજામૃત**થી બીજને વાવણી કરતા પહેલાં પટ આપવું.

### બીજામૃત બનાવવાની રીતઃ

એક કિલો બીજ માટે ૧૦૦ ગ્રામ ગોમૂત્ર, ૫૦ ગ્રામ તાજુ છાણ, ૫૦ ગ્રામ ગોળ, ૨૫૦ ગ્રામ સારા ખેતરની માટી, ૧૦૦ મિલિ પાણી લઈને મિશ્રણ કરવું. આ મિશ્રણમાં બધા બીજને મેળવીને એક કપડામાં સૂકાવી દો જેથી બીજની ઉપર એક પરત આવી જશે. આ બીજામૃતના ઉપયોગથી બીજનું અંકુરણ વધુ સારું થશે.

# ૪. બીજની વાવણી ચાસ પ્રમાણે (લાઈનમાં) કરવી

**બીજની વાવણી ચાસ (લાઈન)માં કરવાથી ઓછા બિયારણથી આખા ખેતરમાં વાવેતર કરી શકાય. બે ચાસ વચ્ચે અને બે છોડ વચ્ચે યોગ્ય અંતર રાખવાથી તડકો, હવા અને પોષણ મળે છે અને પાક સારી રીતે વિકાસ પામે છે.**



બે ચાસ વચ્ચેનું અંતર એક હાથનું રાખવું.

બે છોડ વચ્ચેનું અંતર ૪ આંગળનું રાખવું.

ચાસ પ્રમાણે (લાઈનસર) વાવણી કરવાથી નિંદામણ પણ સારી રીતે થઈ શકે.

વાવણીના ૨૦-૨૨ પછી નિંદામણ જરૂર કરવું. જેથી નકામા છોડ કે ઘાસ પાણી અને ખાતર શોષી ના લે.

જ્યારે જ્યારે નકામા છોડ કે ઘાસ આવે ત્યારે નિંદામણ સમયાંતરે કરવું.



# ૫. પાકની જીવામૃતથી ફળદ્રુપતા વધારવી

**નીંદામણ કર્યા બાદ પાકને જીવામૃત છાંટવું. જીવામૃત પાક માટે વૃદ્ધિકારક છે.**

**જીવામૃત છોડ ઉપર છાંટવાથી પાક ઉત્પાદન વધે છે.**

## જીવામૃત બનાવવાની રીત





૨ કિલો છાણ, ૧.૫ લિટર ગૌમૂત્ર, ૨૦ લિટર પાણી, ૫૦૦ ગ્રામ ગોળ, ૫૦૦ ગ્રામ બેસન, એક-બે મુઠ્ઠી માટીને ભેળવીને એક માટલા કે અન્ય પાત્રમાં ભરી દો. માત્રા પ્રમાણે પાત્ર મોટું પણ લઈ શકો.

આ મિશ્રણને દરરોજ બે વખત લાકડીથી હલાવવું.

પાંચ દિવસ પછી મલાઈ (ક્રીમ) જેવું ઘાટું પ્રવાહી તૈયાર થઈ જશે.

એક લિટર જીવામૃતમાં ૧૦ લિટર પાણી મિશ્ર કરીને પાક પર છાંટવું.

તેને ૧૦ દિવસ સુધીમાં ઉપયોગ કરી લેવો.



**જીવામૃતથી પાકને કુદરતી કાર્બન, નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ અને અન્ય સૂક્ષ્મ પોષક તત્ત્વો મળી રહે છે.**

# ૬. જૈવિક કીટ નાશકનો ઉપયોગ
# (પાંચ પત્તી કાઢા)



૨૦ લીટરનું ડ્રમ લો.

તેમાં ૧ કિલો લીમડાના પાન, ૧ કિલો ધતુરો, ૧ કિલો આકડો, ૧ કિલો કરંજના પાન, રતનજ્યોત / સીતાફળ / મહુડાના પાન/ અન્ય કડવા પાનને ડ્રમમાં નાખો. ૧ લિટર ગૌમૂત્ર અને ૧૫ લિટર પાણી સાથે ભેળવી દો. ૧૫ દિવસ સુધી ડ્રમને બંધ કરીને રાખો. આ મિશ્રણ (ઘોળ) વધુ સમય સુધી ઉપયોગમાં લઈ શકાય છે.

પાકમાં રોગ કે કીટકો દેખાય ત્યારે દર ૧૦ દિવસે આ કીટનાશકનો છંટકાવ કરો.

## ફાયદાકારક ખેતી માટે

યોગ્ય સમયે વાવણી કરવી.

સારી જાતનું બિયારણ ઉપર બીજામૃતનો પટ આપીને વાપરવું.

યોગ્ય માત્રામાં પાણીનો ઉપયોગ.

ચાસ મુજબ (લાઈનસર) વાવણી કરવી અને જરૂરિયાત મુજબ નિંદામણ કરવું.

ઘરમાં જ દેશી (કમ્પોસ્ટ) ખાતર, જીવામૃત અને પાંચ પત્તી કાઢા બનાવીને ઉપયોગ કરવો.

જમીનની ચકાસણી સેન્ટરની સલાહ મુજબ જે તત્ત્વોની ખામી છે તે તત્ત્વો ખાતર અથવા અન્ય રીતે ઉમેરવા.

**યોગ્ય સમયે પાકની કાપણી કરવી અને સૂકવણી કરી કોઠારમાં સંગ્રહ કરવો.**



ઉન્નતિની સ્થાપના 1990માં ગુજરાત અને રાજસ્થાન રાજ્યોને આવરી લેતી ક્ષમતા નિર્માણ સહાયક સંસ્થા તરીકે કરવામાં આવી હતી. 2001થી ઉન્નતિ ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના જીવનમાં સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરીને સીધા ક્ષેત્રની કામગીરી કરે છે. તાજેતરના વર્ષોમાં કેટલાક મહત્ત્વના સમુદાય સ્તરે (ગ્રાસરૂટ) હસ્તક્ષેપો આ પ્રમાણે છે:

જાહેર કાર્યક્રમો લોકો સુધી પહોંચાડવામાં સહાય.

જાહેર શાળાઓમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધરાવા માટે સહયોગ.

ખેતી આધારિત પ્રવૃત્તિઓને સહયોગ કરીને ખાદ્ય સુરક્ષામાં સુધારો.

વિકેન્દ્રિત ગવર્નન્સને મજબૂત કરીને સામુદાયિક જળ સંસાધનોને વિકસિત કરવું.

ગ્રામ પંચાયતનું સશક્તિકરણ.

આપત્તિ વ્યવસ્થાપનમાં વિવિધ સંસ્થાઓ સાથે સંકલન અને ક્ષમતાવર્ધન.

**ઉન્નતિના ગુજરાત ફિલ્ડ ક્ષેત્રે બે નાગરિક સહયોગ કેન્દ્ર- પોશીના - સાબરકાંઠા અને ભચાઉ - કચ્છ જિલ્લામાં બનાવવામાં આવ્યા છે.**

**નાગરિકોને વધુ માહિતી માટે નીચે જણાવેલ સરનામા ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**નાગરિક સહયોગ કેન્દ્ર – પોશીના**
લહેરીપુરા, પોશીના,
સાબરકાંઠા
ફોન નં. ૬૩૫૧૮૪૫૧૯૯

**નાગરિક સહયોગ કેન્દ્ર – ભચાઉ**
રૂમ નં. ૨૮, સદભાવના સોસાયટી,
સિવિલ કોર્ટની સામે, પ્રાંત કચેરી નજીક,
ભચાઉ, કચ્છ.
ફોન નં. ૯૫૧૦૭૮૬૫૩૯


ઉન્નતિ

**૨૧૬, આઝાદ સોસાયટી, અમદાવાદ–૩૮૦૦૧૫.**
**ફોન નં. ૦૭૯–૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬**
**ઇ–મેલ:** psu_unnati@unnati.org

**વેબસાઇટ:** www.unnati.org